# માંડલ તાલુકાના સોલગામની ચમાર જ્ઞાતિનો વ્યક્તિ અભ્યાસ

સુરેશ એમ. ચૌહાણ

## ૧ પ્રસ્તાવના

સંશોધન એ વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. વૈજ્ઞાનિક પ્રક્રિયા આરંભથી અંત સુધી નિશ્ચિત હોય છે. તેમાં તબક્કાઓ અને તેનો ક્રમ પણ વિદ્યાર્થી માટે સાધનની ગોઠવણીથી માંડીને મળતા અવલોકનોના પૃથક્કરણ વડે અર્થઘટનની તારવણી સુધીની દરેક બાબતો અગાઉથી ક્રમાનુસાર નક્કી થયેલ હોય છે. સંશોધન પણ આવી વૈજ્ઞાનિક પ્રક્રિયા છે. ઘણી નાની નાની વિધિઓની સાંકળ છે. તેમાં કઈ કઈ વિધિ છે કયાં ક્રમે છે. દરેક વિધિ માટેનો સમય એક વિધિ પૂર્ણ કર્યા બાદ બીજી વિધિ કયારે કરવાની થશે. વગેરે પ્રથમથી સ્પષ્ટ કરી શકાય છે. આથી સંશોધનની આખી પ્રક્રિયામાંથી સફળતાપૂર્વક પસાર થવા માટે તેની સમગ્રતાનો પણ ખ્યાલ આવે છે. જો આ સોપાનો સ્પષ્ટ ન હોય તો નવા સંશોધકોને શું કરવાનું છે. તે સમજવું મુશ્કેલ બને અને પ્રક્રિયામાં શરૂઆતથી માંડી દરેક તબક્કે મૂંઝવણ અનુભવે. આ સંશોધન ગુજરાતના અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના સોલગામ ગામના ચમાર જ્ઞાતિને કેન્દ્રમાં રાખીને કર્યું છે. પ્રસ્તુત સંશોધનમાં સર્વેક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરી માહિતી મેળવવા માટે મેં મુલાકાત અનુસૂચિ તૈયાર કરી તેમાં સોલગામના ચમારોને ઉત્તરદાતા તરીકે પસંદ કરવામાં આવ્યા છે.

## ૨. સંશોધન અભ્યાસનો હેતુઓ

વર્તમાન સમયમાં શિક્ષણ ઉદ્યોગીકરણ, શહેરીકરણ વગેરેને કારણે ઘણું પરિવર્તન આવ્યું છે. તેના પરિણામે જ્ઞાતિ જેવી સંસ્થાને કારણે સમાજમાં કેવું પરિવર્તન આવ્યું છે. તે જાણવાનો હેતુ રહેલો છે. વ્યવસાય અને શિક્ષણમાં કેવું પરિવર્તન આવ્યું છે તે જાણવા માટે. સમાજમાં ચમાર જ્ઞાતિનું સ્થાન શું છે તે જાણવા માટે. ચમાર જ્ઞાતિની સામાજિક માહિતી મેળવવા માટે. ચમાર જ્ઞાતિની આર્થિક માહિતી મેળવવા માટે. ચમાર જ્ઞાતિને અનામતનો કેટલો લાભ મળે છે કે નહિ તે જાણવા માટે. ચમાર જ્ઞાતિની શૈક્ષણિક માહિતી મેળવવા માટે ચમાર જ્ઞાતિમાં અંધશ્રદ્ધાનું કેવું પ્રમાણ જોવા મળે છે તે તપાસવા માટે. તેમજ ચમાર જ્ઞાતિના લોકોમાં કયા પ્રશ્નો છે તે તપાસવા માટે.

## ૩. નમૂના પસંદગી

વિમળ પી. શાહના મતે "કોઈપણ સંશોધનની આધારશિલા તેની પદ્ધતિ પર છે. તેમજ તેના પરિણામને આધારે સંશોધન માટેના નમુનાની પસંદગી પર રહેલો છે. સંશોધન કરવા સામાન્ય રીતે સમષ્ટિના તમામ એકમોનો અભ્યાસ કરવામાં આવતો નથી. પરંતુ શનિ સમય, સંજોગો અને નાણા બધી મર્યાદાને ધ્યાનમાં રાખીને પંદશ્ય રીતે મુક્ત એકમનો અભ્યાસ કરવામાં આવે છે. કોઈપણ સંશોધનમાં જે વિષયનો અભ્યાસ કરવાનો હોય તેને તે પ્રતિનિધિરૂપ નમૂનાઓ પસંદ કરવામાં આવે છે. તેને નિદર્શ કહે છે તેને ચોક્સાઈપૂર્વક અને ઊંડાણપૂર્વક અભ્યાસ કરી અંદાજ કાઢવામાં આવે છે. નિદર્શ એટલે વિશાળ સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો સમૂહ.

- નિદર્શનના મુખ્ય બે પ્રકાર છે.

૧. યદશ્ય નિદર્શન
૨. બિન યદશ્ય નિદર્શન

સમષ્ટિના બધા એકમોને નિદર્શનમાં પસંદગી પામવાની સમાન તક ન મળે ત્યારે તેવા નિદર્શનને બિન દૃશ્ય નિદર્શન કહેવાય છે. બિન ઉદેશ્ય નિદર્શનના ચાર પ્રકાર છે.

૧. આકસ્મિક નિદર્શન
૨. ઉપલભ્ય નિદર્શન
૩. હેતુલક્ષી નિદર્શન
૪. નિદષ્ટાંત નિદર્શન

ઉપરોક્ત બિનયદશ્ય નિદર્શનમાંથી પ્રસ્તુત સંશોધનમાં સંશોધનકતએ ઉપલભ્ય નિદર્શ પસંદગી કરેલ છે.

- ઉપલભ્ય નિદર્શન

સંશોષક પોતાના વિસ્તાર કે ક્ષેત્રમાં જયારે માહિતી મેળવવા હોય ત્યારે ઘણીવાર લોકો સ્વૈચ્છિક રીતે માહિતી આપવા તૈયાર થાય છે, જેથી ઉપલભ્ય પ્રકારનું નિદર્શનનું સંશોધકે ઉપયોગ કરેલ છે.

**૪. માહિતી એકત્રીકરણની પદ્ધતિ**

આ અભ્યાસ માટે ખરી અને સચોટ માહિતી મેળવવા માટે તેમજ અભ્યાસને લગતી માહિતી વધારે સચોટ અને ઉપયોગ માહિતી. એકત્ર થાય તે માટે સંશોધક માહિતી એકત્રીકરણ માટે નીચે મુજબની પદ્ધતિઓનો ઉપયોગ કરેલ છે.

**(૧) પ્રાથમિક માહિતીના સ્રોતો**

**અ. નિરીક્ષણ પ્રયુક્તિ**

સંશોધનકર્તાએ સામાજિક સંશોધન હોવાથી માહિતી વધુ ચોક્સાઈપૂર્ણ અને વાસ્તવિક મળે તે હેતુથી નિરીક્ષણ પદ્ધતિનો ઉપયોગ કરેલ છે. સોલગામમાં ચમાર જ્ઞાતિના લોકો વસવાટ કરે છે. તે વિસ્તારનું નિરીક્ષણ કરવામાં આવ્યું. જેમાં તેમની આર્થિક, સામાજિક પરિસ્થિતિ તથા રહેઠાણ વગેરેનું નિરીક્ષણ કરી તેની નોંધ લેવી અને આ રીતે નિરીક્ષણ દ્વારા ચોક્કસ પ્રકારની મેળવવામાં આવી.

**બ. મુલાકાત પ્રયુક્તિ**

સંશોધકે આ અભ્યાસ હેઠળના તમામ નિદર્શન એકમોની રૂબરૂ મુલાકાત લીધી હતી. સંશોધનમાં વિષય સંબંધી માહિતીના એકત્રીકરણ કરેલ છે. જે માટે સંશોધક ઉત્તરદાતાને પ્રથમ કાચી અનુસૂચિતમાં ઊભી થતી ભૂલો અને રહી ગયેલ પ્રશ્નોના ઉત્તરો મેળવવા માટે ભૂલો હતી તે સુધારી છે અને ત્યારબાદ તેને માર્ગદર્શકશ્રી પાસે રજૂ કરી તેમાં સલાહસૂચનો બાદ આ અનુસૂચિને આખરી ઓપ આપેલ છે.

**(૨) ગૌણ માહિતીના સ્રોતો**

કોઈપણ અભ્યાસ શરૂ કરવાનો હોય તે પહેલાં તે અભ્યાસને લગતી માહિતી સંદર્ભ સાહિત્ય દ્વારા મેળવવી જોઈએ. જેથી સંશોધન વિષયને લગતી ઐતિહાસિક તથા વર્તમાન વિષયની બાબતો જાણી શકાય. અભ્યાસ માટે ગ્રંથાલય અન્ય અધ્યાપકો પાસેથી પુસ્તકો, માર્ગદર્શન, અનુસૂચિ જાતિને લગતા પુસ્તકો વર્તમાનપત્રો વગેરેમાંથી માહિતી મેળવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

**(૧) ઈન્ટરનેટ**

આજના કોમ્પ્યુટર યુગમાં ઈન્ટરનેટના માધ્યમથી સંશોધકે સંશોધન કાર્યમાં આંકડાકીય માહિતી ક્ષેત્ર વિસ્તાર અને વસ્તી વિષયક માહિતી મેળવવાનો પ્રયાસ કરેલ છે.

**૪. માહિતીનું વિશ્લેષણ અને અર્થઘટન**

કોઈપણ વૈજ્ઞાનિક તપાસમાં માહિતીનું વર્ગીકરણએ મહત્વનો તબક્કો છે. એકત્ર થયેલ માહિતીનું સામાન્યીકરણ અને પરસ્પર કાર્યકારણ સંબંધને તપાસવા માહિતીનું વૈજ્ઞાનિક પૃથક્કરણ અને તપાસના પ્રશ્નો સાથે સંબંધિત અભિપ્રાયો કે વલણ વિષયક માહિતી મેળવવા

**૫. કોષ્ટકીકરણ**

અધ્યયન માટે વર્ગીકૃત માહિતીને કુલ સંખ્યા અને ટકાવારીને આંકડાકીય સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા અને અભ્યાસ દરમ્યાન માહિતીને સંશોધન આ અહેવાલમાં મુકવા યોગ્ય બનાવવામાં આવ્યા.

**૬. વિશ્લેષણ અને અર્થઘટન**

ઉત્તરદાતાઓએ આપેલ પ્રશ્નોના જવાબ દ્વારા ટકાવારી અને આંકડાઓ દ્વારા સંશોધક દ્વારા તારણ કાઢવામાં આવે છે. અને આ તારણ સ્પષ્ટ અને સચોટ મળે આમ, સમગ્ર માહિતીનું વિશ્લેષણ કરવામાં આવે છે.

**૭. સંશોધન અભ્યાસની મર્યાદાઓ**

સંશોધન વિદ્યાર્થી કક્ષાનું હોવાનું કારણે ક્ષતિ રહેવા સંભવ છે. માહિતી એકત્ર કરવાની પ્રક્રિયા દરમિયાન લોકો શંકા કુશંકાની દૃષ્ટિએ જોતાં હતા તેથી બધાને માહિતી આપવા માટે તૈયાર કરવાની પ્રક્રિયા મુશ્કેલરૂપ લાગી હતી. અભ્યાસ સાથે માહિતી એકત્રીકરણની પ્રક્રિયા દરમ્યાન લોકોની અનુકૂળતાને પ્રાધાન્ય આપવું પડતું હતું. જેના કારણે સમય અંગેની મુશ્કેલ નડતી હતી.

## ૮. અભ્યાસનાં તારણો

૧. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની ઉંમર વિશેની માહિતી પરથી જોવા મળે છે કે અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં ૧૬.૩૨ ટકા ઉત્તરદાતા ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરવાળા વધુ પ્રમાણમાં જોવા મળ્યા. આથી કહી શકાય કે અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં સૌથી વધુ ૩૫ થી ૪૦ વર્ષની ઉંમરવાળા વસવાટ કરતા હોય એમ જોવા મળે છે.

૨. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાની જાતિ વિશેની માહિતી પરથી જોવા મળે છે કે ૭૦.૪૦ ટકા ઉત્તરદાતા પુરુષો જોવા મળ્યા. જ્યારે ૨૯,૬૦ ટકા ઉત્તરદાતા સ્ત્રીઓ જોવા મળી. જેમાં સ્ત્રી ઉત્તરદાતાઓ પાસે સરળતાથી પહોંચી શકાય તેમ ન હોવાથી કૌટુંબિક ઝઘડાઓ, પત્નીને સંતાન ન થવું, પતિ-પત્ની વચ્ચે અણબનાવ રહેતો હોય વગેરે પરિબળો જવાબદાર છે. પ્રસ્તુ અભ્યાસમાં શિક્ષણ, કાનૂન વગેરે પરિબળોને કારણે છૂટાછેડાનું પ્રમાણ અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં જોવા મળ્યું.

૩. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિ ક્યા પ્રકારના લગ્નમાં માને છે કે એ વિશેની માહિતી પરથી જોઈ શકાય છે કે ૮૮.૭૭ ટકા ઉત્તરદાતા મા-બાપ કે વડીલો દ્વારા યોજિત લગ્નમાં માનતા હોય એમ જોવા મળ્યું. જયારે ૧૧.૧૨ ટકા ઉત્તરદાતા સ્વપસંદગી લગ્નમાં માનતા હોય એમ જોવા મળ્યું. આથી કહી શકાય કે પ્રસ્તુત અભ્યાસ પરથી ફલિત થાય છે કે અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં હજુ પણ પરંપરાથી ચાલતા આવતા લગ્નોમાં વધુ માને છે. એટલે કે તેઓ હજુ પરંપરાગત રીત-રિવાજોને વળગી રહ્યા હોય એમ જોવા મળે છે. જેના માટે જવાબદાર પરિબળોમાં શિક્ષણનું ઓછું પ્રમાણ, યોગ્ય સામાજિકરણનો અભાવ વગેરે હોઈ શકે એમ કહી શકાય.

૪. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં લાજપ્રથા વિશેની માહિતી પરથી જોવા મળે છે કે ૮૩.૬૭ ટકા ઉત્તરદાતા એમ માને છે કે લાજપ્રથા હોવી જોઈએ આથી કહી શકાય કે અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં હજુપણ પરંપરાગત રીતરિવાજોમાં વધુ માનતા હોય એમ જોઈ શકાય છે.

૫. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિના લોકોને સામાજિક પ્રશ્નો વિશેની માહિતી પરથી જોવા મળે છે કે ૩૩.૬૭ ટકા તેમજ જયારે માહિતી મેળવવા જતા ત્યારે પુરુષો સામેથી મામિતી આપવા તૈયાર થતા હોવાથી પુરુષ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જેવા મળે છે.

૬. પ્રસ્તુત અભ્યાસમાં ઉત્તરદાતાના વૈવાહિક દરજ્જા વિશેની માહિતી પરથી જોવા મળે છે કે ૭૩.૪૬ ટકા ઉત્તરદાતા પરણિત જોવા મળ્યા. જયારે ૯.૧૮ ટકા અપરિણીત ૪.૦૮ ટકા ઉત્તરદાતા છૂટાછેડા લીધેલ ૭.૧૪ ટકા ઉત્તરદાતા વિધવા જોવા મળ્યા.

૭. આથી પ્રસ્તુત અભ્યાસ પરથી કહી શકાય કે અભ્યાસ હેઠળની જ્ઞાતિનાં કુટુંબમાં પરણિત સંખ્યાનું પ્રમાણ વધારે જોવા મળે છે.

૮. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં ઉત્તરદાતાના શિક્ષણ વિશેની માહિતી પરથી જોવા મળે છે કે ૨૦ ટકા ઉત્તરદાતા અશિક્ષિત જોવા મળ્યા. ૩૦.૬૧ ટકા ઉત્તરદાતાઓ પ્રાથમિક શિક્ષણ લીધેલ જોવા મળ્યા. ૨૭.૫૪ ટકા ઉત્તરદાતાઓ માધ્યમિક

૯. તેમજ ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ લીધેલ જોવા મળ્યા. જયારે માત્ર ૫ ટકા ઉત્તરદાતા સ્નાતક તેમજ અનુસ્નાતક સુધીનું શિક્ષણ લીધેલ હોય એમ જોવા મળ્યું. આથી કહી શકાય છે કે પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિમાં પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ લીધેલ ઉત્તરદાતાનું પ્રમાણ વધુ જોવા મળે છે. જેના માટેનું કારણ એ છે કે અભ્યાસ હેઠળના વિસ્તારમાં પ્રાથમિક તેમજ માધ્યમિક શાળા આવેલી છે. આથી અહીં પ્રાથમિક તેમજ માધ્યમિક શિક્ષણ વધુ જોવા મળે છે. જયારે ઉચ્ચશિક્ષણ ન લઈ શકતા હોવા માટેના કારણોમાં ગરીબી, આર્થિક પરિસ્થિતિ સારી જોવા મળી.

આથી પ્રસ્તુત અભ્યાસમાં કહી શકાય કે સ્વાથ્યને લઈને અભ્યાસ હેઠળની જ્ઞાતિ કાળજી રાખતા હોય એમ જોવા મળે છે. પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિ સરકારી આરોગ્ય કેન્દ્રનો ઉપયોગ કરે છે કે નહીં તે વિશેની માહિતી પરથી કહી શકાય કે ૪૪.૮૯ ટકા ઉત્તરદાતા સરકારી આરોગ્ય કેન્દ્રનો ઉપયોગ કરતા હોય એમ જોવા મળે છે. આથી કહી શકાય કે અભ્યાસ હેઠળની જ્ઞાતિના લોકો વર્તમાન સમયમાં શિક્ષણને કારણે તેઓ ભૂવા કે વૈદ્ય જોડે સારવાર કરવાને બદલે આજે સરકારી આરોગ્ય કેન્દ્રની સારવારનો લાભ લેતા હોય એમ જોવા મળે છે. તેઓ સરકારી આરોગ્ય કેન્દ્રમાં પત્નીની ડિલીવરી, ટી.બી.ની સારવાર, કુટુંબનિયોજનનો અમલ કરતા હોય એમ જોઈ શકાય છે.

પ્રસ્તુત અભ્યાસમાં અભ્યાસ હેઠળની જ્ઞાતિના લોકો સારા સ્વાસ્થ માટે શું કરવું એ વિશેની માહિતી પરથી જોઈ શકાય છે કે ૧૨.૨૪ ટકા ઉત્તરદાતા જાતે જ શરીરની કાળજી રાખવી એમ માને છે. ૩૩.૬૭ ટકા ઉત્તરદાતા વ્યસન ના કરવું જોઈએ એમ

માને છે ૭.૧૪ ટકા ઉત્તરદાતા વાસી ખોરાક ના ખાવો જોઈએ. ૩ ટકા ઉત્તરદાતા કસરત કરવી જોઈએ એમ માને છે ૯.૧૬ ટકા ઉત્તરદાતા પાણી વધારે પીવું જોઈએ એમ માને છે. આથી કહી શકાય કે અભ્યાસ હેઠળની જ્ઞાતિના લોકો પહેલાના સમયમાં પોતાના સ્વાથ્ય પ્રત્યે નસીબવાદી વલણ રાખતા હતા. તેઓ એમ માનતા હતા કે જે નસીબમાં લખ્યું હોય તે થશે.

**સંદર્ભ સૂચિ**


૧. શાહ, વિમળ પી. (૧૯૯૦). સંશોધન ડિઝાઈન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ
૨. ઉચાટ, ડી.એ. (૨૦૦૯). શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર, શાંત -૩, ટાગોરનગર અમીન માર્ગ પાસે રાજકોટ.
૩. મહેતા, મકરંદ, (૧૯૯૫).હિન્દુ વર્ણવ્યવસ્થા સમાજ પરિવર્તન અને ગુજરાતના દલિતો, અમી પબ્લિકેશન, અમદાવાદ.
૪. મકવાણા, મનુભાઈ એચ. (૨૦૦૦). ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ, સુરભી પ્રકાશન વડોદરા
૫. કર્દમ, જયપ્રકાશ (૨૦૦૫). ધી ચમાર દલિત અપસર્જે નઈ દિલ્લી.
૬. આંબેડકર, ડૉ.બાબાસાહેબ (૧૯૯૩). સંપૂર્ણ આંતરદેહ કલ્યાણ મંત્રાલય ભારત સરકારના પ્રકાશન વિભાગ, સૂચનો અને પ્રસારણ મંત્રાલય દ્વારા પ્રકાશિત
૭. સોલંકી, વિક્રમ (૨૦૦૮). ડીશા શહેરની ચમાર જ્ઞાતિનો અભ્યાસ અપ્રકાશિત, એમ.ફિલ. શોધનિબંધ ગુજરાત યુનિવર્સિટી
૮. એજન
૯. શિંગાળા, જ્યોત્સનાબેન, (૧૯૯૮). ચમાર જ્ઞાતિમાં પરિવર્તન (અપ્રકાશિત) એમ.ફિલ.શોધનિબંધ, ગૂજરાત વિદ્યાપીઠ